૫૧

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ
લિ.ગાંધીનગરને સમાન ફાળાની ગ્રાન્ટ
ફાળવવા બાબત.
રૂ. ૧૮.૭૫ લાખ વર્ષ ૨૦૨૨-૨૩

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૭/૩૧૩૯૩૩/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૮/૦૬/૨૦૨૨

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંકઃSJED/CNI/e-file/17/2021/0001/B.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૦/૦૫/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃવિજાક/બો.નિ/૨૨-૨૩/૫૭૧

ઠ રા વઃ-

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે વંચાણે લીધેલા ક્રમાંક (૧) માં દર્શાવેલ આ વિભાગની બજેટ શાખાના ઠરાવથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ. માટે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં સમાન ફાળા ગ્રાન્ટ પેટે રૂ. ૭૫.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણ લીધેલ ક્રમાંક (૨) ના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્રથી સમાન ફાળાની ગ્રાન્ટ પેટેની રૂ.૭૫.૦૦ ગ્રાન્ટમાંથી પ્રથમ હપ્તા પેટે રૂ. ૧૮.૭૫ લાખની ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને હવાલે મૂકવાની મંજુરી આપવા બાબતેની દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ બજેટ જોગવાઇ પૈકીની રૂ.૧૮.૭૫ લાખ (અંકે રૂપિયા અઢાર લાખ પંચોતેર હજાર પુરા)ની સમાન ફાળાની ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ સને ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં મંજુર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) નિગમની દરખાસ્ત અન્વયે રીલીઝ કરવામાં આવેલ ગ્રાન્ટમાંથી થયેલ ખર્ચની વિગતો સહીત હવે પછી દરખાસ્ત કરવાની રહેશે.

(૫) વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

(૬) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંકઃSJED/CNI/e-file/17/2021/0001/B. પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયેના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૦૭/૦૪/૨૦૨૨ ના ઠરાવ તથા સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૪/૦૬/૨૦૨૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ.કે.પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૨